




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૮ | ૧૯ મે, ૨૦૨૧, બુધવાર; વૈશાખ સુદ - ૭ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# ગુજરાતમાં ‘તાઉ-તે’નું તાંડવ

**રાજ્યમાં ૫,૩૧૨ ગામોમાં વીજવ્યવહાર ખોરવાયો : ૬૯ હજાર વીજપોલ ધરાશયી : ૧૬,૫૦૦ મકાનોને નુકશાન : ૮૦ હજારથી વધારે વૃક્ષો ધરાશયી : ૬૨૯ માર્ગો બંધ કરાયા : ૧૨૨ કોવીડ હોસ્પિટલમાં વીજળી વેરણ થઈ : રાજ્યમાં ૧૩થી વધુ મૃત્યુ : મધરાત બાદ કાલે વહેલી સવાર પછી વાવાઝોડું ગુજરાત છોડી રાજસ્થાન તરફ જશે તેવી વકી, તંત્ર ખડેપગે, હજુ પણ બચાવ-રાહત કામગીરી જારી**





## અમદાવાદ, સુરત સહિત અનેક ભાગોમાં પવનની સાથે વરસાદ

અમદાવાદ, તા. ૧૮

ભલે ગઈકાલે રાત્રે દીવ અને ઉના વચ્ચે તાઉતે વાવાઝોડું ટકરાયું હોય પરંતુ તેની અસર હજુ પણ જોવા મળી રહી છે. દક્ષિણ સૌરાષ્ટ્રથી વાવાઝોડું ઉત્તર ગુજરાત થઈને રાજસ્થાનને પાર કરીને ઉત્તર પૂર્વમાં જશે તેવી સંભાવના છે, આ સાથે વાવાઝોડું નબળું પણ પડી ગયું છે. જોકે, વરસાદ અને તોફાની પવનો હજુ પણ ફૂંકાઈ રહ્યા છે. હજુ પણ વાવાઝોડાની અસર સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના દરિયા કિનારે જોવા મળી રહી છે. હવામાન વિભાગે ગુજરાત પર આગામી બે દિલસ સુધી વાતાવરણમાં ફેરફાર રહેવાની આગાહી કરી છે.

હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે ગુજરાત ગુજરાતના ખાસ કરીને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી અને જામનગરમાં આજે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય રાજ્યના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ અને સુરતમાં પણ ભારે પ્રમાણમાં વરસાદ થવાની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે વરસાદની સાથે વીજળીના કડાકા-ભડાકા અને ૪૦-૬૦ની ગતિએ પવન ફૂંકાવાની આગાહી કરી છે. રાજ્યમાં આજે અને આવતીકાલે તથા ૨૧મી સુધી વરસાદી માહોલ રહેવાની આગાહી વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે ૧૯મી અને ૨૦મી મેના રોજ પણ વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. રાજ્યના દક્ષિણ ગુજરાતના છોટા ઉદેપુર, નર્મદા અને તાપીમાં તથા સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલીમાં હળવો વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. રાજ્યના અન્ય ભાગોની વાત કરીએ તો આગામી બે દિવસ દરમિયાન બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, મહેસાણા, અરવલ્લી, સાબરકાંઠા, વડોદરા, નર્મદા, નવસારી, વલસાડમાં વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. આ સિવાય ભાવનગર, અમરેલી તથા કચ્છમાં પણ વરસાદી માહોલ રહેશે.

## રાજ્યમાં બે દિવસમાં પૂર્વવત પરિસ્થિતિ સ્થપાશે : રૂપાણી

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, આગોતરા આયોજન, અગમચેતી અને મંત્રીઓથી માંડીને રાજ્ય સરકારના નાનામાં નાના કર્મચારીના સક્રિય પ્રયત્નો તથા ગુજરાતના લોકોના અભૂતપૂર્વ સહકારથી ગુજરાત તાઉ’તે વાવાઝોડામાંથી સાંગોપાંગ મુક્ત થયું છે.

આજે મોડી સાંજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે મીડિયાના માધ્યમથી ગુજરાતને સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, વાવાઝોડાની વિશેષ અસર થઈ છે એવા જિલ્લાઓમાં સરકારના તમામ વિભાગો યુદ્ધના ધોરણે રિસ્ટોરેશન અને રાહત કામગીરી શરૂ કરશે.

આગામી બે દિવસમાં પરિસ્થિતિ પૂર્વવત્ થઈ જાય અને જનજીવન સામાન્ય થઈ જાય એ પ્રકારે કાર્યવાહી કરાશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ’ઝીરો કેઝ્યુઅલટી’ ના અભિગમ સાથે રાજ્ય સરકારે ખડેપગે રહીને સમગ્ર આયોજન કર્યું હતું, રાજ્ય સરકારના આ માટેના નમ્ર પ્રયત્નોની કુદરતે પણ કાળજી લીધી છે, અને આવા તીવ્ર વાવાઝોડામાં પણ માત્ર ૧૩ વ્યક્તિઓએ જાન ગુમાવ્યા છે.

અમદાવાદ, તા. ૧૮

સીએમ રૂપાણીએ તાઉતે વાવાઝોડાની સ્થિતિ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, તાઉતે વાવાઝોડાની અસરથી ૫૩૧૨ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે જેમાંથી ૪૮૪થી વધુ પુરવઠો પુનઃએકવાર શરૂ કરાયો. આ વિસ્તારમાં અંદાજે ૬૨૯ રસ્તાઓ બંધ છે, જેને ખોલવાની કામગીરી ચાલુ છે. ઉપરાંત વાવાઝોડાના કારણે અંદાજે ૮૦૦૦૦ વૃક્ષો ધરાશાયી થયા છે. જ્યારે ૧૬,૫૦૦ જેટલા કાચા મકાનો-ઝૂંપડાને નુકસાન પહોંચ્યું છે. હજી પણ રાહત અને બચાવની કામગીરી ચાલુ છે.

રાજ્યના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે વાવાઝોડા અંગે અપડેટ આપતાં જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે ગુજરાતમાં પ્રવેશેલું વાવાઝોડું ધીમું પડી રહ્યુ છે. ગઈકાલે ૧૬૦ની ગતિએ ત્રાટકેલા વાવાઝોડાની સ્પીડ હવે ૧૦૦ની થઈ ગઈ છે. આ વાવાઝોડું મંગળવારે બપોર સુધીમાં અમદાવાદ થઈને ઉત્તર ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. આ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે. જો કે, આજે મધરાત બાદ કાલે વહેલી સવાર પછી વાવાઝોડું ગુજરાત છોડી રાજસ્થાન તરફ જશે તેવી શક્યતા છે.

મુખ્યમંત્રીએ રાજ્યના જિલ્લાઓમાં વરસી રહેલા વરસાદ પવનની ગતિ અને હવામાન વિભાગની આગાહી અંગે પણ વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી. જેમાં મુખ્યસચિવ અનિલ મૂકીમ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ પંકજ કુમાર અને એમ. કે. દાસ સહિતના વરિષ્ઠ સચિવો આ બેઠકમાં જોડાયા હતા. રૂપાણીએ વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારની સતર્કતા, આગોતરા આયોજન અને લોકોના સહકારથી રાજ્યમાં તાઉતે વાવાઝોડાથી મોટી જાનહાનિ ટાળી શકાઈ છે.

૧૭મીના રાત્રે ૮.૩૦ કલાકે ઉના અને દીવ વચ્ચે ત્રાટક્યું હતું. આ દરમિયાન પવનની ગતિ ૧૫૦-૧૭૫ કિમીની હતી. વાવાઝોડાની જિલ્લાના ૧૧૨૭ ગામોમાં અસર થઈ છે. ઉપરાંત ગીર સોમનાથ, વલસાડ, અમરેલી, ભાવનગર જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડ્યો છે.

## રાજ્યમાં ૧૮૮ તાલુકામાં ભારે વરસાદ

**સૌથી વધુ બગસરામાં ૮ ઇંચ વરસાદ ખાબક્યો : ગીર ગઢડામાં ૭ ઈંચ વરસાદ, જ્યારે વલસાડનાં ઉમરગામમાં ૭.૬૪ ઇંચ વરસાદ**

અમદાવાદ,તા.૧૮

વાવાઝોડાએ આખા રાજ્યને ઘમરોળ્યું છે. ત્યારે દરિયાકિનારાનાં વિસ્તારોમાં ઘણી જ અસર જોવા મળી છે. વાવાઝોડાને કારણે સૌથી વધારે પ્રભાવિત તાલુકાઓની વાત કરીએ તો, અમરેલી, ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ, મહુવા છે. ઉના અને ગીરગઢડામાં સૌથી વધારે અસર પડી હતી. ત્યારે હવે રાહતનાં સમાચાર પણ આવી રહ્યાં છે કે, વાવાઝોડું ધીમે ધીમે નબળું પડી રહ્યું છે. વાવાઝોડાની મધ્ય આંખ છૂટી પડી રહી છે. પરંતુ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ અમરેલીના બગસરામાં પવન સાથે ૮ ઈંચ વરસાદ પડ્યો હતો. ૭ ઈંચ વરસાદ તો માત્ર વહેલી સવારે ૪થી ૬ વચ્ચે નોંધાયો છે. જ્યારે ગીર ગઢડામાં ૭ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે વલસાડનાં ઉમરગામમાં ૭.૬૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્ર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી વચ્ચે ધોધમાર વરસાદ પડ્યો છે. આ સાથે ભારે પવનના કારણે મોટી સંખ્યામાં વૃક્ષો ધરાશાયી થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ અમરેલીના બગસરામાં ૮ ઈંચ વરસાદ ખાબક્યો છે. જોકે, ૭ ઈંચ વરસાદ તો માત્ર વહેલી સવારે ૪થી ૬ વચ્ચે નોંધાયો છે. જ્યારે ગીર ગઢડામાં ૭ ઈંચ વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રનાં એક હજાર ગામોમાં વીજપુરવઠો ઠપ્પ થયો હતો.૧૧૦ તાલુકામાં ૧ મિ.મીથી ૬ ઈંચ વરસાદ નોંધાયો હતો. હજુ ગુજરાત માટે ૨૪ કલાક ભારે છે. આ સાથે ૪૮ કલાક સાવચેતી રાખવાની જરૂર છે. વાવાઝાડો અંગે રાહતનાં સમાચાર સામે આવી રહ્યાં છે. આ વાવાઝોડું થોડા સમયમાં તોફાનમાં બદલાશે અને ત્યારબાદ ધીરે ધીરે નબળું પડશે. હવામાન ખાતાના અપડેટ પ્રમાણે વાવાઝોડું ધીમે ધીમે નબળું પડી રહ્યું છે. વાવાઝોડાની મધ્ય આંખ છૂટી પડી રહી છે. વાવાઝોડાની બહારની તરફ સર્જાયેલું મોટું વાદળ પણ નબળું પડી રહ્યું છે. સૌથી વધુ પ્રભાવિત તાલુકાઓની વાત કરીએ તો, અમરેલી, ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ, મહુવા રહ્યા છે. ઉના અને ગીરગઢડામાં સૌથી વધારે અસર પડી હતી.

## તાઉતે વાવાઝોડાને લીધે સમગ્ર રાજ્યમાં એસટી બસ સેવા બંધ

ગાંધીનગર, તા. ૧૮

ભારતીય હવામાન ખાતા દ્વારા ધ સિવિયર સાયક્લોન સ્ટ્રોમ (તીવ્ર ચક્રવાતી સમુદ્રી તોફાન) ’’તાઉ-તે’’ સંદર્ભે દર કલાકે બુલેટિન બહાર પાડવામાં આવી રહ્યું છે. તે મુજબ આ સ્ટ્રોમ આજે બપોરે ૩:૩૦ કલાકે રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તાર ઉપર કેન્દ્રિત થયેલું છે. જે અમદાવાદથી દક્ષિણ પશ્ચિમે ૭૫ કિ.મી., દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ દિશામાં સુરેન્દ્રનગરથી ૪૦ કિલોમીટર જયારે ડીસાથી દક્ષિણ પશ્ચિમે ૧૯૦ કિલોમીટરના અંતરે સ્થિત છે.

’’તાઉ તે’’ વાવાઝોડું ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં છેલ્લા છ કલાકથી ૨૨ કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી આગળ વધી રહ્યું છે. આ વાવાઝોડાની તેના કેન્દ્ર પાસે પવનની ગતિ ૭૦ થી ૮૦ કિ.મી./કલાક રહેશે, આ ઝડપ ૯૦ કિ.મી./કલાક સુધી વધી શકે છે. ત્યારે વાવાઝોડાની સ્થિતિને જોતાં એસટી સેવા બંધ કરવામાં આવી છે. વાવાઝોડાના પગલે સમગ્ર રાજ્યમાં ૪ કલાક માટે એસટી સેવા બંધ કરવામાં આવી છે. અમરેલીના રાજુલામાં એસટી બસને અકસ્માત સર્જાતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

જો કે, જેમ જેમ તૌકતે વાવાઝોડું આગળ વધી રહ્યું છે તેમ તેમ બનાસકાંઠા જિલ્લામાં તેની અસર જોવા મળી રહી છે. બનાસકાંઠાના પાલનપુર સહિત અનેક જિલ્લામાં ધીમી ધારે વરસાદ શરૂ થઈ ગયો છે. જિલ્લામાં વરસાદી માહોલ બનતા ઠંકડ પ્રસરી ગઈ છે.

## તાઉતે બાદ દરિયામાં ગુમ ૪૧૦ લોકોના બચાવવાની કામગીરી

મુંબઈ, તા. ૧૮

તાઉતે વાવાઝોડા બાદ મુંબઈમાં ૪૦૦ જેટલા લોકોના જીવન પર ખતરો તોળાઈ રહ્યો છે. જરા પર મોડું થયું તો મુશ્કેલી વધી શકતી હતી. આ બધાની વચ્ચે ભારતીય નેવીએ જુસ્સા સાથે સમર્પણનું ઉદાહરણ રજૂ કર્યું છે. વાવાઝોડાને ૨૪ કલાક જેટલો સમય થઈ ગયો છે પરંતુ રેસ્ક્યુ ટીમ કાર્યરત છે. આ દરમિયાન નેવી પાસે ૪ એસઓએસ ફોન પણ આવ્યા અને નેવીએ તાત્કાલિક એક્શન લઈને કામગીરી શરુ કરી.

સોમવારે નિર્ણાણ કંપની એફકાન્સે બમ્બઈ હાઈ તેલ ક્ષેત્રમાં કામ કરી રહેલા બે લંગર ખસકીને દરિયામાં અનિયંત્રિત થઈને વહેવા લાગ્યા હતા, જેની જાણકારી મળ્યા બાદ નેવીના ત્રણ ફ્રન્ટ વોરશિપ તૈનાત કર્યા હતા. આ બે બાર્જ પર ૪૧૦ લોકો સવાર હતા. આ બન્ને બાર્જની મદદ માટે આઈએનએસ કોલકાતા, આઈએનએસ કોચી અને આઈએનએસ તસવાર તૈનાત કરાઈ છે.

નેવીના એક પ્રવક્તાએ જણાવ્યું કે દરિયામાં બાર્જ પી૩૦૫ દ્વારા પડકારજનક સ્થિતિમાં કુલ ૧૪૬ લોકોને બચાવાયા છે. તેમણે જણાવ્યું કે અન્ય લોકોને બચાવવા માટે સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન આખી રાત ચાલુ રહ્યું.

નેવી પીઆરઓ કમાન્ડર મેહુલ કર્ણિકે કહ્યું કે, એક બાર્જ પરથી લગભગ ૬૦ કર્મચારીઓને રાત્રે ૧૧ વાગ્યે બચાવી લેવાયા હતા.

## દેશમાં ૨,૬૩,૫૩૩ નવા કેસ ૪૩૨૯ દર્દીઓનાં મોત થયા

**કુલ ૪.૨૨ લાખ દર્દીઓએ કોરોના વાયરસને માત આપી : એક્ટિવ કેસ ૩૪ લાખથી ઓછા**

નવી દિલ્હી,તા.૧૮

દેશમાં કોરોનાની બીજી લહેર ધીમી પડતી હોય એવું લાગી રહ્યું છે. સતત બીજા દિવસે એક દિવસમાં નોંધાતા સંક્રમણના કેસ ૩ લાખથી નીચે નોંધાયા છે. પરંતુ ચિંતાજનક બાબત મોતના આંકડા છે. એક દિવસમાં નોંધાતા આંકડા ચાર હજારથી નીચે નથી આવી રહ્યા. નોંધનીય છે કે, ૧૮ મેના રોજ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨,૬૩,૫૩૩ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૪,૩૨૯ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૨,૫૨,૨૮,૯૯૬ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૧૮,૪૪,૫૩,૧૪૯ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. વિશેષમાં, કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૨ કરોડ ૧૫ લાખ ૯૬ હજાર ૫૧૨ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૪,૨૨,૪૩૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૩૩,૫૩,૭૬૫ એક્ટિવ કેસ છે.

## કોરોનાની બીજી લહેરમાં ૨૬૯ ડોક્ટર્સે જીવ ગુમાવ્યા

નવી દિલ્હી, તા. ૧૮

કોરોનાની બીજી લહેરમાં લાખો લોકોના મોત થયા છે અને તેની સાથે સાથે અત્યાર સુધીમાં બીજી લહેર દરમિયાન ૨૬૯ ડોકટરોએ પણ જીવ ગુમાવ્યા છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશને તમામ રાજ્યોના આંકડા જાહેર કર્યા છે.જોકે પહેલી લહેરના મુકાબલે બીજી લહેરમાં ઓછા ડોકટરોના મૃત્યુ થયા છે. કોરોનાની પહેલી લહેર દરમિયાન ૭૪૮ ડોકટરોએ જીવ ગુમાવ્યા હતા. જોકે દેશમાં સૌથી વધારે ડોકટરોના જીવ બિહારમાં ગયા છે.

## કોરોના ઉપર નિયંત્રણ માટે અધિકારીને મોદીનો છૂટો દોર

નવી દિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે અનેક જિલ્લા અને રાજ્યોના અધિકારીઓ સાથે વાતચીત કરી. આ વર્ચ્યુઅલ મીટિંગમાં વડાપ્રધાન મોદીએ અધિકારીઓ પાસેથી કોરોના હેન્ડલિંગને લગતા અનુભવો જાણ્યા. તેમણે અધિકારીઓને ગ્રામ્ય ક્ષેત્રોમાં કોરોના વાયરસના સંક્રમણને રોકવા પર મહત્વ આપવાનું કહ્યું તેમજ ટિપ્સ પણ આપી. વડાપ્રધાને અધિકારીઓને કહ્યું કે તે પોતાના જિલ્લામાં કોવિડને નિયંત્રણમાં લાવે, દેશમાં આપમેળે નિયંત્રણ આવી જશે. વડાપ્રધાને અધિકારીઓને ફીલ્ડ કમાન્ડર કહ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં અધિકારીઓને કહ્યું કે તે પોતાના જિલ્લામાં કોરોનાના સંક્રમણને ઓછું કરવા માટે જે કરવું પડે તે કરે, યોગ્ય લાગે તે પગલાં લેવામાં આવે. મારા તરફથી તમને પૂરી છૂટ છે. અને જો તમારી પાસે કોઈ એવી યુક્તિ છે જે આખા દેશને કામ લાગી શકે તો તમે મને ચોક્કસપણે જણાવો.

## મુંબઈના દરિયામાં ૨૭૩ લોકો સાથેની હોડી ફસાઈ



નવી દિલ્હી, તા. ૧૮

તાઉતે વાવાઝોડાના કારણે મહારાષ્ટ્રથી લઈને ગુજરાત સુધી તબાહી મચી છે. વિવિધ વિસ્તારોમાં વાવાઝોડા વચ્ચે ભારે પવન અને વરસાદે કહેર વર્તાવ્યો હતો. આ બધા વચ્ચે મુંબઈમાં વાવાઝોડા દરમિયાન દરિયામાં એક હોડી ફસાઈ ગઈ હતી જેમાં આશરે ૨૭૩ લોકો સવાર હતા. વાવાઝોડાના કારણે તે હોડી ડૂબી ગઈ હતી અને બાદમાં ભારતીય નેવીએ રાહત અને બચાવની કામગીરી હાથ ધરી હતી જેમાં મંગળવાર સવાર સુધીમાં ૧૭૭ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. આઈએનએસ કોચી, આઈએનએસ કોલકાતા અને અન્ય મોટા જહાજો પણ બચાવ કામગીરીમાં લાગ્યા છે. ભારતીય નેવીના અહેવાલ પ્રમાણે ઈન્ડિયન નેવલ પી૮આઈ સર્વિલન્સ એરક્રાફ્ટની મદદથી રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. નેવીના હેલિકોપ્ટર પણ તેમાં મદદ કરી રહ્યા છે. મંગળવારે આ ઓપરેશનની ગતિ વધારવામાં આવશે અને સર્ચ ઓપરેશન ચાલુ રહેશે. રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન નેવીએ જણાવ્યું કે, એક મોટી હોડી જેમાં ૨૭૩ લોકો સવાર હતા તે ડૂબી ગઈ હતી અને તે પૈકીના ૧૭૭ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તે સિવાય કોલાબાથી થોડે દૂર પણ એક હોડી ફસાઈ ગઈ હતી જેમાં ૧૩૭ લોકો સવાર હતા. તેમને બચાવવા માટે પણ નેવીએ સપોર્ટ મોકલી આપ્યો છે. તે સિવાય નેવીનું આઈએનએસ તલવાર એક તેલ કાઢવામાં આવે છે તે જગ્યાએ નજર રાખી રહ્યું છે જ્યાં ૧૦૧ લોકો ઉપસ્થિત છે. તે તમામ લોકોને શક્ય તેટલી ઝડપથી સુરક્ષિત સ્થળે ખસેડવા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.